## ક્રિકેટ ગ્રાઉન્ડ :

(૧) રવિવારના રોજના એક દિવસના ભાડા પેટે રૂા. ૨૫,૦૦૦/- રહેશે.

(૨) રવિવાર સિવાય જાહેર રજા હોય તો રૂા. ૨૦,૦૦૦/- એક દિવસનું ભાડું

(૩) ડિપોઝીટ રૂા. ૧૦,૦૦૦/- (રિફન્ડેબલ)

(૪) યુનિવર્સિટી સંલગ્ન સિવાયની શૈક્ષણિક સંસ્થા (શાળા કે કોલેજો) હોય તો એક દિવસના ભાડાનાં રૂા. ૧૦,૦૦૦/- તેમજ ડિપોઝીટ રૂા. ૫,૦૦૦/- (રિફન્ડેબલ) રહેશે.

(૫) ક્રિકેટ ગ્રાઉન્ડનો સમય સવારે ૮.૦૦ થી સાંજે ૫.૦૦ વાગ્યા સુધી રહેશે.

(૬) ગ્રાઉન્ડમેન ચાર્જીસ સદર ભાડામાં જ સમાવિષ્ટ છે.

(૭) નેટ પ્રેકટિસ માટે ભાડું રૂા. ૨,૫૦૦/- બે(૨) કલાકના રહેશે.

(૮) ક્રિકેટ ગ્રાઉન્ડનું બુકિંગ ૬ મહિના અગાઉથી કરાવી શકાશે. એક વાર ગ્રાઉન્ડ બુકિંગ થઇ જાય અને અનિવાર્ય સંજોગોમાં કેન્સલ કરાવવાનું થાય તો તેવા સંજોગોમાં ભાડાની રકમ પરત મળશે નહિ જેની ખાસ નોંધ લેવી. પરંતુ જો આગળની તારીખમાં ગ્રાઉન્ડ બુકિંગ ન હોય (ખાલી હોય) તો તેવા સંજોગોમાં નવી તારીખમાં અગાઉનું બુકિંગ ચાલુ રાખી શકાય

## હોકી ગ્રાઉન્ડ :

(૧) યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના વિદ્યાર્થીઓને પ્રેક્ટીસ માટે ભાડું વિદ્યાર્થી દીઠ રૂા. ૧૦૦/- દર મહિના ના રહેશે.

(૨) યુનિવર્સિટી સંલગ્ન કોલેજો સિવાયના ખેલાડીઓને પ્રેક્ટીસ માટે ભાડું ખેલાડી દીઠ મહિને રૂા. ૨,૦૦૦/- રહેશે.

(૩) યુનિવર્સિટી સંલગ્ન કોલેજો સિવાયની બહારની સંસ્થા માટેની ટુર્નામેન્ટ માટે ભાડું રૂા. ૫૦૦૦/- એક દિવસના અને ડિપોઝીટ રૂા. ૨,૦૦૦/- (રિફન્ડેબલ) રહેશે.

(૪) સ્પર્ધાનો સમય સવારે ૯.૦૦ થી સાંજે ૪.૦૦ વાગ્યા સુધીનો રહેશે.

(૫) પ્રેક્ટીસ સેશનનો સમય સવારે ૭.૦૦ થી ૯.૦૦ અને સાંજે ૪.૦૦ થી ૬.૦૦ કલાકનો રહેશે.

## એથ્લેટીક્સ ગ્રાઉન્ડ (સિન્થેટીક ટ્રેક) :

(૧) યુનિવર્સિટી સંલગ્ન કોલેજના વિદ્યાર્થીઓને પ્રેકટીસ માટે દર મહિને ખેલાડી દીઠ ભાડું રૂા. ૧૦૦/- લેખે રહેશે.

(૨) યુનિવર્સિટી સંલગ્ન કોલેજો સિવાયના ખેલાડીઓને પ્રેકટીસ માટે દર મહિને ખેલાડી દીઠ ભાડું રૂા. ૫૦૦/- લેખે રહેશે.

(૩) યુનિવર્સિટી સંલગ્ન કોલેજો સિવાયની સ્પર્ધા માટે એક દિવસનું ભાડું રૂા. ૨૫,૦૦૦/- (સાધન સામગ્રી સાથે) તથા સાધન સામગ્રી વગર રૂા. ૨૦,૦૦૦/- (એક દિવસના) રહેશે.

(૪) ડિપોઝીટ રૂા. ૧૦,૦૦૦/- (રિફન્ડેબલ) રહેશે.

(૫) યુનિવર્સિટી સંલગ્ન કોલેજો સિવાયની સ્પર્ધા હોયતો થ્રોઇંગ ઇવેન્ટ માટે સેકટર માર્કિંગ કરી આપવામાં આવશે.

(૬) સ્પર્ધા માટેનો સમય સવારે ૭.૦૦ થી સાંજે ૬.૦૦ કલાકનો રહેશે.

## ફૂટબોલ ગ્રાઉન્ડ :

(૧) યુનિવર્સિટી સંલગ્ન કોલેજના વિદ્યાર્થીઓ સિવાયના ખેલાડીને પ્રેક્ટીસ માટે દર મહિને ખેલાડી દીઠ ભાડું રૂા. ૨,૦૦૦/- લેખે રહેશે.

(૨) યુનિવર્સિટી સંલગ્ન કોલેજો સિવાયની સ્પર્ધા માટે એક દિવસનું ભાડું રૂા. ૫,૦૦૦/- અને ડિપોઝીટ રૂા. ૨,૦૦૦/- (રિફન્ડેબલ) રહેશે.

(૩) પ્રેક્ટીસ સેશનનો સમય સવારે ૭.૦૦ થી ૯.૦૦ અને સાંજે ૪.૦૦ થી ૬.૦૦ કલાકનો રહેશે.

(૪) સ્પર્ધાનો સમય સવારે ૯.૦૦ થી સાંજે ૪.૦૦ કલાકનો રહેશે.

(૫) યુનિવર્સિટી સંલગ્ન કોલેજોની આંતર કોલેજ સ્પર્ધા દરમિયાન ગ્રાઉન્ડનું માર્કિંગ ઓર્ગેનાઇઝીંગ કોલેજે કરવાનું રહેશે. .

## (૫) ઇન્ડોર સ્વીમીંગ પુલ :

(૧) યુનિવર્સિટી સંલગ્ન કોલેજના વિદ્યાર્થીઓને પ્રેક્ટીસ માટે દર મહિને ખેલાડી દીઠ ભાડું રૂા. ૩૦૦/- લેખેનું રહેશે.

(૨) યુનિવર્સિટી તેમજ સંલગ્ન કોલેજોના કર્મચારીઓને પ્રેક્ટીસ માટે દર મહિને બેચ દીઠ રૂા. ૩૦૦/- ભાડું રહેશે.

(૩) યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના વિદ્યાર્થીઓ સિવાયનાને પ્રેક્ટીસ માટે રૂા. ૧,૫૦૦/- ભાડું દર મહિને (બેચ દીઠ) રહેશે.

(૪) બેચનો સમય ૪૫ મિનિટનો રહેશે.

(૫) બેચ દીઠ મહત્તમ મર્યાદા (ખેલાડીઓની સંખ્યા) નક્કી કરવી.

(૬) સમય સવારે ૬.૩૦ થી ૯.૩૦ અને સાંજે ૪.૦૦ થી ૬.૩૦ કલાકનો રહેશે.

(૭) પ્રેક્ટીશ માટે આવનાર ખેલાડી સાથે જવાબદાર વ્યક્તિ (કોચ) હોવો જરૂરી છે.

(૬) ઇન્ડોર સ્ટેડિયમ (બાસ્કેટબોલ અને વોલીબોલ કોર્ટ) :

(૧) યુનિવર્સિટી સંલગ્ન કોલેજના ખેલાડીઓને પ્રેક્ટીસ માટે દર મહિને ખેલાડી દીઠ ભાડું રૂા. ૧૦૦/- લેખે ચુકવવાનું રહેશે.

(૨) યુનિવર્સિટી સંલગ્ન કોલેજ સિવાયના ખેલાડીઓને પ્રેક્ટીસ માટે દર મહિને ખેલાડી દીઠ ભાડું રૂા. ૧,૫૦૦/- ચુકવવાનું રહેશે.

(૩) યુનિવર્સિટી સંલગ્ન કોલેજો સિવાયની સ્પર્ધા માટે રૂા. ૬,૦૦૦/- (એક દિવસના) રહેશે.

(૪) પ્રેક્ટીસ સેશનનો સમય :
સવારે ૭.૦૦ થી ૯.૦૦,
સાંજે ૪.૦૦ થી ૬.૦૦,
સાંજે ૬.૦૦ થી ૮.૦૦ કલાકનો રહેશે.

## (૭) બાસ્કેટ બોલ ગ્રાઉન્ડ (આઉટ ડોર) :

(૧) યુનિવર્સિટી સંલગ્ન કોલેજો સિવાયના ખેલાડીઓને પ્રેક્ટીસ માટે દર મહિને ખેલાડી દીઠ ભાડું રૂા. ૧,૦૦૦/- રહેશે.

(૨) યુનિવર્સિટી સંલગ્ન કોલેજો સિવાયની સ્પર્ધા માટે રૂા. ૩,૦૦૦/- એક દિવસના રહેશે.

## (૮) કન્ડીશનીંગ હોલ (જીમ) :

(૧) યુનિવર્સિટી સંલગ્ન કોલેજના વિદ્યાર્થીઓને દર મહિને ભાડું રૂા. ૨૦૦/- લેખે રહેશે.

(૨) પ્રેક્ટીસ સેશનનો સમય :
સવારે ૬.૦૦ થી ૮.૦૦,
સાંજે ૪.૦૦ થી ૬.૦૦ કલાકનો રહેશે.

## નોંધ :

(૧) દરેક ગ્રાઉન્ડના ભાડાં + ૧૮% G.S.T. ચૂકવવાનું રહેશે.

(૨) સ્પર્ધા દરમિયાન પ્રેક્ટીસ સેશનમાં રજા રાખવામાં આવશે.

(૩) સરકાર દ્વારા કોઇ સ્પર્ધાનું આયોજન કરવામાં આવે તો ઘસારા ખર્ચ પેટે ઓછામાં ઓછું રૂા. ૫,૦૦૦/- ભાડું લેવાનું રહેશે. (ક્રિકેટ ગ્રાઉન્ડ માટે દૈનિક રૂા. ૫,૦૦૦/- ભાડું રહેશે.)

(૪) એથ્લેટીક્સ, હોકી કે કોઇપણ ગ્રાઉન્ડ માટે સ્પર્ધા દરમિયાન કે પ્રેક્ટીસ સેશન દરમિયાન યુનિવર્સિટી થી એક ઓબઝર્વર તથા સુપરવાઇઝરને હાજર રાખવું.

(૫) યુનિવર્સિટી પ્લેયર, નેશનલ પ્લેયર કે આંતર કોલેજ સ્પર્ધામાં ૧ થી ૩જુ સ્થાન મેળવ્યું હોય એવા ખેલાડીઓએ પ્રેક્ટીસ કરવી હોય તો એમની પાસેથી અરજી મંગાવી એના પ્રમાણપત્રોની ચકાસણી કરી એવા ખેલાડીઓને વિના મૂલ્યે પ્રેક્ટીસ કરવા દેવી. જે રમતમાં સિધ્ધિઓ મેળવી છે, તે સિવાયની રમતોમાં વિના મૂલ્યે પ્રેક્ટીસ કરી શકશે નહિ.

(૬) રમતગમતના માન્ય એસોસિએશન દ્વારા પસંદગી સ્પર્ધા અથવા સ્પર્ધાનું આયોજન કરવા માટે એક દિવસના રૂા. ૩,૦૦૦/- લેખે લેવાના રહેશે.

(૭) અનિવાર્ય સંજોગોમાં ભાડામાં ફેરફાર કરવાનો થતો હોય તો એનો નિર્ણય બોર્ડ ઓફ સ્પોર્ટસની મિટીંગમાં કરવામાં આવશે.

(૮) યુનિવર્સિટી કેમ્પસમાં આવેલા મેદાનો કે સુવિધાને ભાડા પેટે આપવા માટેનાં સંચાલન કરવા માટે એક અલગ યુનિટની રચના કરવી. જેમાં સુપરવાઇઝર, ઓબઝર્વર કે ગ્રાઉન્ડમેનસની નિમણૂંક કરવી.

## સામાન્ય નિયમો :-

(૧) અરજદારે રજીસ્ટ્રેશન માટે નિયત ફોર્મમાં અરજી કરવાની રહેશે. નિયત ફોર્મ યુનિવર્સિટીની વેબસાઇટ પરથી મેળવીને ઓનલાઇન અરજી કરવાની રહેશે.

(૨) નિયત ફોર્મ ફોટોગ્રાફ્સ તથા રહેઠાણના જરૂરી પુરાવા, આધાર કાર્ડ સહિત તેમા જણાવેલ તમામ વિગતો ભરી નિયત સમય મર્યાદામાં યુનિવર્સિટી ખાતે પરત કરવાનું રહેશે.

(૩) નિયત કરેલ ફીના નાણા પ્રથમ ભરપાઇ થયા બાદ જ પ્રવેશ આપવામાં આવશે.

(૪) દરેક સભ્યને યુનિવર્સિટી તરફથી ઇસ્યુ થયેલ ઓળખપત્ર દરરોજ સાથે લાવવાનું રહેશે. ઓળખપત્ર વગર પ્રવેશ આપવામાં આવશે નહીં. જો ઓળખપત્ર ખોવાય જાય અથવા ફાટી જાય તેવા કિસ્સામાં ડુપ્લીકેટ ઓળખપત્ર કઢાવવા માટે અલગથી રૂા. ૫૦/- ચાર્જ ભરવાનો રહેશે.

(૫) તમામ સભ્યોએ કોચ, સંચાલક તથા કોઇ પણ સ્ટાફ સાથે સારી રીતે વર્તન કરવાનું રહેશે તેમજ તેઓએ આપેલ સૂચનાનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૬) સ્પોર્ટસ માટેનો યુનિફોર્મ, બુટ વિગેરે જે નક્કી કરવામાં આવે તે મુજબ સભ્યોએ પોતાના ખર્ચે લાવી ઉપયોગ કરવાનો રહેશે.

(૭) કસરત, રમત વખતે સભ્યોએ પોતાનું નેપકીન, હાથરૂમાલ સાથે રાખવાનું રહેશે.

(૮) રમતો રાષ્ટ્રીય  તેમજ આંતરરાષ્ટ્રીય નિયમો/ધારા ધોરણ મુજબ રમવાની રહેશે.

(૯) યુનિવર્સિટી ખાતે આવેલ મિલ્કત કે સાધન સામગ્રીને નુકશાન ન થાય એ રીતે વાપરવાની રહેશે. જો કોઇ સભ્ય તરફથી નુકસાન કરવામાં આવે તો તેઓ પાસેથી નુકસાનીની  પુરેપૂરી રકમ વસૂલ લેવામાં આવશે  તેમજ સભ્ય પદ રદ કરવામાં આવશે.

(૧૦) બેચનો સમય પૂરો થયે એલાર્મ/બેલ વગાડવામાં આવશે. જે મુજબ જે તે બેચના સભ્યોએ બહાર નીકળી જવાનું રહેશે. તેમજ તેમના પછીના સમયના બેચવાળાને તરત પ્રવેશ આપવામાં આવશે.

(૧૧) ઇન્ડોર તેમજ આઉટડોર રમત માટે આવનાર સભ્યોએ પોતાના પર્સ, ઘડીયાળ, મોબાઇલ, કપડા કે અન્ય કિંમતી ચીજ વસ્તુ સાચવવાની જવાબદારી તેઓની પોતાની રહેશે. વસ્તુ ખોવાઇ જવાની, ગુમ થવાની કે ચોરાઇ જવાની જવાબદારી સંસ્થા, સંચાલક, કોચની કે અન્ય કર્મચારીની કોઇપણ સંજોગોમાં રહેશે નહીં

(૧૨) ભરેલ એડમીશન ચાર્જ/ સર્વિસ ટેક્ષની રકમ/ વિવિધ રમતોની ફી પરત મળી શકશે નહીં. તેમજ અન્ય કોઇને તબદીલ થઇ શકશે નહીં.

(૧૩) સભ્યોને યુનિવર્સિટી દ્વારા ઓળખપત્ર આપવામાં આવશે. જે દરેક સભ્યોએ પ્રવેશ વખતે તેમજ જયારે યુનિવર્સિટીના સંચાલકો અથવા તેમના અધિકૃત પ્રતિનિધિ માંગે ત્યારે બતાવવાનું રહેશે.

(૧૪) રમતો રમે ત્યારે ઘોંઘાટ કરવો નહી. બુમબરાડા પાડવા નહી. અપશબ્દો ઉચ્ચારવા તેમજ વાદવિવાદ કે અસભ્ય વર્તન કરવાની સંપૂર્ણપણે સખ્ત મનાઇ છે.

(૧૫) સ્પોર્ટસ કોમ્પલેક્ષ કે રમતોના મેદાનમાં નાસ્તાની કે કોઇપણ પ્રકારની ખાબા-પીવાની ચીજ લઇને પ્રવેશવા ઉપર પ્રતિબંધ રહેશે.

(૧૬) સભ્યોએ જે રમત કે પ્રવૃતિ માટે સભ્યપદ મેળવ્યું હોય, તે રમત કે પ્રવૃત્તિનો ભાગ જ ઉપયોગ માટે લેવાનો રહેશે. અન્ય રમતો કે પ્રવૃત્તિઓના ભાગમાં જવાની સખત મનાઇ છે.

(૧૭) અરજદાર ૧૮ વર્ષની ઉંમરથી નીચે હોય તો તેના માતાપિતા કે વાલીની સંમતિ લાવવાની રહેશે.

(૧૮) રમતગમત પ્રવૃત્તિ દરમિયાન કોઇ પણ પ્રકારનો અકસ્માત અથવા જાનહાનિ થાય તો તે અંગે યુનિવર્સિટી કોઇ પણ રીતે જવાબદાર રહેશે નહીં.

(૧૯) ફક્ત રમતગમતના હેતુ માટે જ સ્પોર્ટસ કોમ્પલેક્ષ ફાળવવામાં આવશે. તે સિવાયના અન્ય હેતુ માટે તેનો ઉપયોગ થઇ શકશે નહી.

(૨૦) યુનિવર્સિટી સ્પોર્ટસ કોમ્પલેક્ષમાં દાખલ થયા બાદ સાથી સભ્યોને હેરાનગતિ થાય એવી મસ્તીમજાક, ચેનચાળા કે કોઇને પણ ઇજા કે જાનહાની થાય તેવા કોઇ કૃત્ય કરવા નહીં.

(૨૧) ફોર્મ ભરવાની સાથે બે પાસપોર્ટ સાઇઝના લેટેસ્ટ ફોટા લાવવા જરૂરી છે. તેમજ ઓછામાં ઓછા એમ.બી.બી.એસ.ની પદવી ધરાવતા ડોકટરનું ડોકટરી સર્ટિફિકેટ રજૂ કરવાનું રહેશે.

(૨૨) યુનિવર્સિટી સ્પોર્ટસ કોમ્પલેક્ષમાં કે યુનિવર્સિટી ખાતે આવેલ ઝાડ, ફુલ, છોડ અથવા લોનને નુકશાન કરવું નહી તેમજ તોડવા નહીં.

(૨૩) લાઉડ સ્પીકર સરકારશ્રીઓ/ પોલીસ ખાતાએ નક્કી કરેલ સમય દરમિયાન જ વાપરી શકાશે. તેમજ વોલ્યુમ ધીમું રાખવાનું રહેશે.

(૨૪) પાર્કીંગની વ્યવસ્થા યુનિવર્સિટી દ્વારા સૂચવવામાં આવેલ જગ્યા પર જ કરવાનું રહેશે. કોઇ પણ સંજોગોમાં મુખ્ય કે આંતરિક રસ્તાઓ ઉપર પાર્કીંગ કરવાનું રહેશે નહીં. સૂચનાનો અનાદર કરનાર સામે શિક્ષાત્મક કાર્યવાહી કરી સભ્યપદ રદ કરવા સુધીના પગલા લેવામાં આવશે.

(૨૫) સ્પોર્ટસ કોમ્પ્લેક્ષની કે રમતોના મેદાની ફાળવણી વખતે કોઇ પણ સંજોગોમાં લોનમાં ખાડા ખોદી તથા પાકા ડામરના રસ્તા ઉપર ખાડા ખોદી મંડપ બનાવવા દેવામાં આવશે નહી..

(૨૬) જે તે રમતો માટે જરૂરી સાધન, સામગ્રી વગેરે સભ્યોએ લાવવાના રહેશે. તથા તેની જાળવણી પણ સભ્યોએકરવાની રહેશે. અધિકૃત સંચાલક તથા યુનિવર્સિટી દ્વારા પ્રેક્ટીસ માટે કોઇ સાધનો ફાળવવામાં આવે તો તેની પૂરેપૂરી જાળવણી કરવાની રહેશે. પરંતુ જે કિસ્સમાં ખેલાડી પોતાના સાધનો લઇને આવે તેને સાચવવાની જવાબદારી યુનિવર્સિટીની રહેશે નહીં.

(૨૭) ઉપરોક્ત નિયમોના અર્થઘટનમાં કોઇ વિવાદ ઉભો થાય અથવા નિયમોમાં ફેરફાર કરવા યુનિવર્સિટીના કુલપતિશ્રીનો નિર્ણય છેવટનો નિર્ણય ગણાશે. જેનું સંબંધકર્તા તમામે પાલન કરવાનું રહેશે.